**તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૭ ટકા ● સાંજે ૧૭ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૪૭ | ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૬, રવિવાર ; મહા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# એશિયાકપમાં ભારતનો પાકિસ્તાન સામે ભવ્ય વિજય

## પાકિસ્તાનની ટીમ ૮૩ રનમાં ઓલઆઉટ : મોહમ્મદ આમીરે તરખાટ મચાવી શરૂઆતની જ ત્રણ વિકેટ સસ્તામાં પાડી દીધા બાદ સ્ટાર વિરાટ કોહલી-યુવરાજસિંહ અને ધોનીએ ભારતને વિજય અપાવી દીધો





મીરપુર,તા. ૨૭

મીરપુરમાં એશિયા કપની મેચમાં ભારે ઉતારચઢાવની સ્થિતિ બાદ ભારતે પાકિસ્તાન ઉપર જીત મેળવી હતી. લો સ્કોરિંગ મેચમાં પણ જોરદાર રોમાંચકતા રહી હતી. પાકિસ્તાનની પ્રથમ બેટિંગ કરતા ૧૭.૩ ઓવરમાં ૮૩ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં શરૂઆતની ત્રણ વિકેટ ૧૦ રનથી ઓછા સ્કોરે ગુમાવી દીધા બાદ વિરાટ કોહલી અને યુવરાજસિંહની બેટિંગના કારણે જીતી લીધી હતી. મીરપુરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ આજે ધારણા પ્રમાણે જ ભારે રોમાંચક શરૂઆતથી જ બની ગઈ હતી. મીરપુરમાં હાઉસફુલના શો વચ્ચે આજે મેચ શરૂ થઈ હતી. રોમાંચક વાતાવરણમાં મેચ શરૂ થઈ હતી.ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ પાકિસ્તાને ભારતીય બોલરોની શાનદાર બોલિંગ સામે નિયમિત ગાળામાં એકપછી એક વિકેટ ગુમાવી હતી. પાકિસ્તાનના તમામ બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ભારત તરફથી હાર્દિક પડંયાએ ત્રણ વિકેટ ઝડપી હતી. ભારત તરફથી તમામ બોલરોએ જોરદાર બોલિંગ કરી હતી. જાડેજાએ ત્રણ ઓવરમાં માત્ર ૧૧ રન આપીને બે વિકેટ ઝડપી હતી. જીતવા માટેના નજીવા લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે કંગાળ

● અનુસંધાન પાન-૭ પર


રોટરી ક્લબ ઓફ ગાંધીનગર સંચાલિત
**હોમીયોપેથી** તથા દાંતનું દવાખાનું અને ફીઝીયોથેરાપી સેન્ટર
રાહત દરે
સમય : સવારે ૧૦ થી ૧૨ ● સાંજે ૫ થી ૭
**ડો. તોરલ આર. મહેતા**
B.H.M.S., M.D. Herbal
હોમિયોપેથી એ કુદરતી સારવાર પદ્ધતિ છે, જેમાં કોઈપણ પ્રકારની આડઅસર થવાની સંભાવનાઓ નહિવત હોય છે.
હોમિયોપેથીમાં નીચેના રોગોમાં સારા પરિણામ આપેલ છે.
૧) માનસિક રોગો
૨) માથાના રોગો
૩) સ્ત્રીને લગતા રોગો
૪) બાળકના રોગો
૫) શ્વસનતંત્રના રોગો
૬) પેટને રગતા રોગો
૭) હઠીલા રોગો
જેમ કે થાઈરોઈડ, ડાયાબીટીસ, સાંધાના રોગો, મસા, ભગંદર, બીપી, કમરનો દુખાવો, નિર્બળતા, મોટાપો, લાહીની કમી, રંજણ વગેરે....
પંચદેવ મંદિર પાછળ, સરકારી દવાખાનાના કમ્પાઉન્ડમાં, સેક્ટર-૨૨, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૪૪૧૬૬


# સ્મૃતિ સામે વિશેષાધિકાર ભંગની દરખાસ્ત લાવવા કોંગ્રેસનો નિર્ણય

## સંસદને ગેરમાર્ગે દોરવાનો સ્મૃતિ પર ગંભીર આક્ષેપ કરાયો
## હૈદરાબાદ યુનિવર્સિટીમાં દલિત વિદ્યાર્થીની આત્મહત્યા અને જેએનયુ વિવાદને લઇને કોંગ્રેસ સ્મૃતિ ઇરાનીને ભીંસમાં લેવા માટે તૈયાર

નવી દિલ્હી,તા. ૨૭

વિપક્ષી કોંગ્રેસ પાર્ટીએ જેએનયુ વિવાદ અને હૈદરાબાદ યુનિવર્સિટીમાં દલિત વિદ્યાર્થીની આત્મહત્યાના મુદ્દે સંસદને ગેરમાર્ગે દોરવા બદલ કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાની સામે વિશેષાધિકાર દરખાસ્ત લાવવાનો નિર્ણય કર્યો છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી મુકુલ વાસનિકે આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે કોંગ્રેસ આ દરખાસ્ત લાવનાર છે. તેમણે કહ્યુ હતુ કે સ્મૃતિ ઈરાની દ્વારા ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. જે ખતરનાક છે. પૂર્વ કેન્દ્રિય પ્રધાન કુમારી શેલજા અને મનિષ તિવારીની સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં તેમણે આ મુજબની વાત કરી હતી.તેમણે કહ્યુ હતુ કે પ્રધાને સાચી વાત કરી ન હતી. સાથે સાથે સંસદને ગેરમાર્ગે દોરી હતી. યુવા દલિત વિદ્યાર્થી રોહિત વેમુલાની આત્મહત્યાના મામલે સ્મૃતિ ખોટી વાત કરી રહ્યા છે. વાસનિકે કહ્યુ હતુ કે સંસદમાં ઈરાની દ્વારા કરવામાં આવેલુ નિવેદન રોહિતની માતા દ્વારા કરવામાં આવેલા નિવેદન કરતા

● અનુસંધાન પાન-૭ પર

# બજેટમાં એક્સાઈઝ-સર્વિસ ટેક્સના વધારાના સંકેત

## આવકવેરા મુક્તિમાં નહીવત વધારો કરાશે : દબાણ છતાં સરકાર લોકલક્ષી બજેટ રજૂ નહીં કરે



નવીદિલ્હી,તા. ૨૭

સામાન્ય બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે, ઈન્કમટેક્સ મુક્તિ મર્યાદામાં વધારો કરવામાં આવે તેવા સંકેત ઓછા દેખાઈ રહ્યા છે. આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારો કરવા તીવ્ર દબાણ હોવા છતાં વધારે રાહત મળે તેવા સંકેત નથી. ઈન્કમટેક્સમાં રાહત મળશે તો પણ એક મર્યાદિત હદ સુધી જ મળશે.

● અનુસંધાન પાન-૭ પર

# ૨૭ મુદ્દા પર હાર્દિક સહમત

## હાર્દિક સાથે રાદડિયાની લાંબી ચર્ચા : વિઠ્ઠલભાઈએ હાર્દિકને જેલમાં પારણા કરાવ્યા : પાટીદારોની માંગણીઓનો ત્રણ ચાર દિવસમાં જ નિકાલ આવી જશે તેવો સંકેત : હાર્દિક સાથે સમાધાનની તૈયારી

ગાંધીનગર,તા. ૨૭

ગુજરાતમાં પાટીદાર સમુદાય માટે અનામતની માંગણીને લઈને આંદોલન કરી રહેલા અને હાલમાં સુરતની લાજપોર જેલમાં રહેલા હાર્દિક પટેલને મળવા માટે સાંસદ વિઠ્ઠલ રાદડિયા આજે ફરીવાર પહોંચ્યા હતા અને જેલમાં ઉપવાસ પર રહેલા હાર્દિકને પારણા કરાવ્યા હતા. વિઠ્ઠલ રાદડિયાની હાજરીમાં હાર્દિકના પારણાને ખુબ સારા સંકેત તરીકે જોવામાં આવે છે. સમાધાનની દિશામાં મોટા પ્રયાસ તરીકે પણ આને જોવામાં આવે છે. આશરે એક કલાક સુધી હાર્દિક અને રાદડિયા વચ્ચે વાતચીત થઈ હોવાનું જાણવા મળ્યું છે. પારણા કરાવ્યા બાદ વિઠ્ઠલભાઈએ કહ્યું હતું કે, ૩૫ મુદ્દાઓ પૈકી ૨૭ મુદ્દા પર ચર્ચા થઈ ચુકી છે. તમામ મુદ્દા પર હાર્દિકે સહમતી દર્શાવી છે. પાટીદાર આંદોલનને લઈને ઉઠેલી માંગણીઓને ત્રણ ચાર દિવસમાં નિકાલ આવી જશે તેવી વાત પણ

● અનુસંધાન પાન-૭ પર





રેસ્ટોરન્ટ-હોસ્પિટલ લાયક જગ્યા
ભાડે/વેચાણ આપવાની છે
2650 Sq.Ft.•F/F
શ્રીરંગ હાઈટ્સ, શ્યામશુકનની બાજુમાં, ભાઈજીપુરા ચોકડી, અમદાવાદ-ગાંધીનગર હાઈવે
Contact: 98250 90890

બ્રાહ્મણ પરિવારો માટે
અમદાવાદ મુકામે ચોથુ જીવનસાથી સંમેલન
એપ્રિલ-૨૦૧૬ રજી. ની છેલ્લી તા. ૫-૩-૧૬
જલારામ મેરેજ બ્યુરો - રાવલભાઇ
9974681184

Walk in Interview
Nurse
Part Time : 8 a.m. to 1 p.m.
Marketing Boy
ડોર ટુ ડોર માર્કેટીંગ કરી શકે તેવા (ધો. ૧૨ પાસ/નાપાસ)
તા. ૨૯-૨-૨૦૧૬ સોમવાર બપોરે ૨ થી ૫
સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલ
સ્વામિનારાયણ ધામ કેમ્પસ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર

॥ શ્રી ગણેશાય નમઃ ॥
**હોટલ ધ ગ્રાન્ડ મિડવે**
● રેસ્ટોરન્ટ ● બેન્કેવટ હોલ ● રૂમ ●
ગાંધીનગરમાં સૌપ્રથમ વાર ૧૦ મે માળ રિસોર્ટ, રજવાડી અને સ્કાય લુક કુદરતી વાતાવરણમાં સ્વાદિષ્ટ ભોજનનો લાભ લેવા ગાંધીનગરના સર્વે નગરજનોને અમારુ આમંત્રણ છે.
સ્પે. ઓફર ૧૫% ડિસ્કાઉન્ટ

| સ્વાદિષ્ઠ ભોજન | સ્પેશ્યીલીસ્ટ |
| --- | --- |
| ● પંજાબી | ● બર્થ ડે પાર્ટી |
| ● ચાઇનીઝ | ● રીંગ સેરેમની |
| ● સાઉથ ઇન્ડીયન | ● મેરેજ હોલ |
| ● કાઠીયાવાડી | ● મીટીંગ હોલ |
| ● ગુજરાતી | ● કોન્ફરન્સ મીટીંગ |
| | ● આઉટડોર કેટરીંગ |

સુમન સીટી, સીને મેક્સ થીયેટરની ઉપર, ૧૦ મો માળ, સેક્ટર -૧૧, ગાંધીનગર
(મો) 99793 59233, 99254 49233
(ફોન) 079 232 22282/84
લીફ્ટની સંપૂર્ણ વ્યવસ્થા છે.

